

બે દાયકાની રૂપરેખા તૈયાર કરવા આરબીઆઈને મોદીની અપીલ

Page-6

સુવિચાર : જે મન 'હજી વધુ, હજી વધુ' ની વૃત્તિનું શિકાર બને છે એ મન આરાધનામાં સ્થિર થઇ શકતું નથી - ડોંગરેજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૩ | ૩ એપ્રિલ, ૨૦૧૫, શુક્રવાર ; ચૈત્ર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જનધન યોજના અંતર્ગત બેંકોમાં રૂ. ૧૪ કરોડની થાપણ

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સારો પ્રતિસાદ : ૧,૩૧,૯૪૦ નવા ખાતા ખુલ્યા : ૨૫,૯૪૫ ખાતેદારોએ આધાર કાર્ડ પુરાવામાં આપ્યું તો ૧૨,૫૩૨ લોકોએ બાયોમેટ્રીક કેવાયસીથી ખાતા ખોલાવ્યા છે

ગાંધીનગર, તા.૧૦

પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૧,૩૧,૯૪૦ બેંક ખાતાઓ ૨૫મી માર્ચ સુધીમાં ખુલવા પામ્યા છે.

બેંકોમાં ઓગષ્ટથી અમલી બનેલ આ જનધન યોજના અંતર્ગત રૂ. ૧૪.૨૪ કરોડની બચત પણ લોકોએ જમા કરાવી છે.

બેંકિંગ ક્ષેત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧,૧૯,૪૦૮ ખાતા આધારકાર્ડ વિના ખોલવામાં આવ્યા છે. જયારે ૨૫,૯૪૫ ખાતેદારોએ તેમના ખાતા ખોલવા માટેના પુરાવામાં આધાર કાર્ડ રજુ કરેલ છે.

ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી જનધન યોજનાને ગ્રામ્ય વિસ્તારમાં સૌથી સારો પ્રતિસાદ મળ્યો છે ગ્રામ્ય વિસ્તારમાં ૭૮,૩૨૮ જેટલા ખાતા ખુલ્યા છે જયારે શહેરી વિસ્તારમાં ૫૩,૫૧૨ ખાતા ખુલ્યા છે.

રસપ્રદ હકીકત એવી છે કે શહેરી વિસ્તારમાં ૩૭૫૪ ખાતા બાયોમેટ્રીક થમ્બથી ખોલવામાં આવ્યા છે જયારે ગ્રામ્ય વિસ્તારમાં ૮૭૭૮ ખાતાં આ પધ્ધતિથી ખુલ્યા છે. શિક્ષણના સાર્વત્રિકરણ ની વાતોના દાવા આનાથી કેટલા પોકળ છે તે પુરવાર થાય છે.

બેંકો દ્વારા આ નવા ખાતા ધારકોને રૂપે કાર્ડનું વિતરણ પણ કરી દેવામાં આવ્યું છે. અને ૧ લાખ ૧૭ હજાર જેટલા રૂપે કાર્ડ અપાઈ ચુકયા હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરના પ્રોફેસરે ડ્રાઈવરલેસ મોબાઈલ સ્માર્ટકાર બનાવી !

## ડ્રાઈવર વિના મોબાઈલ વડે દોડતી કારમાં ૧૮ સેન્સર, ૬ હાયરેન્જ કેમેરા : સરહદ પર જવાનોની રક્ષા માટે અમીરાજ એન્જિનિયરીંગ કોલેજના પ્રો. કૌશલ જાની અને નિરવ દેસાઈએ અનોખી કાર બનાવી



(તસવીર : દિપક જાની)





ગાંધીનગર, તા. ૨

સરહદ પર ગોળી વાગવાથી શહીદ થતા જવાનોની રક્ષા માટે સાણંદ સ્થિત અમીરાજ એન્જિનિયરીંગ કોલેજના પ્રોફેસરોએ ડ્રાઈવર વિના મોબાઈલથી ઓપરેટ થતી અનોખી કાર બનાવી છે. સ્માર્ટ ફોનના આધારે દુનિયાના કોઈપણ ખૂણામાંથી આ કાર ડ્રાઈવર વિના ચલાવી શકાય છે. આ ડ્રાઈવરલેસ કારે સૌ કોઈને અચંબામાં મુકી દીધા છે. ગાંધીનગરના પ્રોફેસરે તૈયાર કરેલી સ્માર્ટ મોબાઈલ કાર ડ્રાઈવર અનેક વિશેષતાઓથી સજ્જ છે. હથિયારથી સજ્જ કારમાં ગન પણ મોબાઈલ વડે નિયંત્રણ કરી શકાશે. માત્ર ૨૮ દિવસમાં તૈયાર થયેલી આ સ્માર્ટ મોબાઈલ કારનું આજે સે. ૬ના નવરાત્રી મેદાનમાં પ્રાયોગિક ધોરણે નિદર્શન કરવામાં આવ્યું હતું. આ તબક્કે પ્રો. કૌશલ જાની તેમજ નિરવ દેસાઈએ આ ડ્રાઈવરલેસ કાર વિશે રસપ્રદ વાતો જણાવી હતી.

સાણંદ સ્થિત અમીરાજ એન્જિનિયરીંગ કોલેજના પ્રોફેસર કૌશલ જાની તેમજ નિરવ દેસાઈએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ડ્રાઈવર વિના માત્ર મોબાઈલથી ઓપરેટ થતી આ કાર તૈયાર કરવા પાછળ રૂ. ૩ લાખનો ખર્ચ થયો છે. ટેકનિકલી કાર બનાવવા ૨૮ દિવસનો

● અનુસંધાન પાન-૭ પર

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ



કાર્તિક અશ્વિનકુમાર વ્યાસ (ગોપુ)

જન્મ તા. : ૧-૩-૧૯૭૭ ● સ્વ. તા. ૩-૪-૨૦૦૯

પળે પળે યાદ આવે છે તારી
નજરે તરે છે, તસવીર તારી,
અમોને ખોટ રહેશે તારી,
આવું જોઈ ભીંજાય છે હૈયુ-આંખડી અમારી
પળ પળની યાદ એ જ સાચી શ્રદ્ધાંજલિ
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.
અશ્વિનકુમાર એમ. વ્યાસ
પ્રિયંવદા એ. વ્યાસ
કોશા કાર્તિક વ્યાસ
વેદાંન્ત કાર્તિક વ્યાસ
તૃષા ચિરાગભાઈ વ્યાસ
વરૂણ - વૈભવ
ફોન : ૨૩૨૨૬૦૯૮

# ગાંધીનગર ગિફ્ટસીટીમાં વૈશ્વિક બેંકોના પગરણ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક આકાર પામેલ ગિફટસીટીમાં હવે બેંક ઓફ અમેરિકા, સીટી બેંક અને એચએસબીસી બેંકો પણ તેમની ઓફશોર શાખાઓ શરૂ કરનાર છે. ગિફટસીટી આગામી દિવસોમાં તેની આગવી ઓળખ ઉભી કરી દેશે. જે રીતે તેને દેશની તેમજ આંતરરાષ્ટ્રીય નાણાંકીય સંસ્થાઓ તરફથી પ્રતિસાદ મળી રહ્યો છે તે જોતાં હવે સ્પષ્ટ બન્યુ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું અનોખુ સ્વપ્ન ગાંધીનગરને માત્ર સરકારી નગરની ઓળખથી નહિ પણ એથી આગળની ઓળખ મળવી જોઈએ અને તેમણે ગિફટસીટીની રચનાની જાહેરાત કરી હતી. પાંચ વર્ષથી નિર્માણાધીન આ ગિફટસીટી માટે સરકારે ૬૦૯ કરોડથી પણ વધુ રકમનો ખર્ચ કર્યો છે. આ સિટીમાં અત્યાર સુધીમાં નવ હજાર કરોડ રૂ.નું મૂડીરોકાણ થઈ ચુક્યુ છે. આ સ્માર્ટ સીટી હવે દેશભરના આર્થિક વહીવટોમાં પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરશે. ગાંધીનગર નજીકની આ ગિફટસિટીમાં બેંક ઓફ અમેરિકા, સીટી બેંક અને એચ.એસ.બી.સી.એ પોતાની ઓફશોર બ્રાન્ચ શરૂ કરવાની તૈયારી દર્શાવી છે તે વાતને લઈ આર્થિક ક્ષેત્રમાં એક નવી ચેતનાનો સંચાર થયો છે.

FIRST TIME IN GANDHINAGAR
INDIA'S BIGGEST CROCKERY SALE
Luminarc Ocean SOGA DURALEX CORELLE
MORE THEN 50000 ITEMS
DISCOUNT UP TO 50%
FRANCE, TURKI, GERMONY, THAILAND'S GLASS WARE IN GANDHINAGAR
DINNER SET, HOME DECOR, FANCY GLASS WARE, MELAMINE CROCKERY, MICROWAVE PROOF GIFT ARTICALS
Shree Saurashtra Leuwa Patel Sewa Samaj's Wadi (Hall)
Sector-7/C, Gandhinagar

ત્રીજી માસિક પુણ્યતિથિએ સ્મરણાંજલિ



કર્મઠ અને પ્રેરણામૂર્તિ
તમારો હાસ્યસભર ચહેરો, ઉષ્મા અને
નિષ્ઠા સદૈવ અમારા અંતરમાં ધબકતા રહેશે

સ્વ. પોપટસિંહ ભાવસિંહજી વાઘેલા
(૧/૧૨/૧૯૫૪ - ૩/૧/૨૦૧૫)

તમો જીવન જીવ્યા ખુમારીથી, સંબંધો નિભાવ્યા સહજતાથી, હૈયે સહુના વસતા રહ્યા. તમો હતા પ્રેરણામૂર્તિ અમારા સૌના, સદાયે હસતા રહી પીઠબળ પૂરૂં પાડ્યું અમોને, વાત્સલ્યમૂર્તિ બની સાથે આપ્યો અમોને, આપ ચાલ્યા ગયા સદાને માટે, ખોટ પડશે સદાયે અમોને, પણ તમારા સ્મરણો સદૈવ રહેશે અમારી સાથે,
પરમ પ્રભુ આપના આત્માને ચિર શાંતિ અર્પે તેવી હૃદયપૂર્વકની પ્રાર્થના.

એ. ડી. પટેલ - સંયુક્ત સચિવ, સામાન્ય વહીવટ વિભાગ
સુભાષ આર. સોની - સંયુક્ત સચિવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ
અનિલસિંહ કે. જાડેજા - IPS ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ
મોડસિંહજી એસ. ગોહિલ-GAS, નિવાસી અધિક કલેક્ટર
આર. એસ. નિનામા - GAS, નિવાસી અધિક કલેક્ટર
કેતન નાણાવટી - ડાયરેક્ટર, નાણાવટી ઈંગ્લીશ એકેડેમી
પ્રો. ડો. બી. સી. રાઠોડ સરસપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ
દિલીપસિંહ ડી. ચૌહાણ, નિવૃત્ત નાયબ સચિવ
નારણસિંહ બી. મકવાણા, નિવૃત્ત ઉપસચિવ
વિરેન્દ્રસિંહ બી. ઝાલા, નિવૃત્ત અગ્ર રહસ્ય સચિવ
મનજીભાઈ દેથલીયા, નિવૃત્ત જિલ્લા રજીસ્ટ્રાર
બાબુસિંહ જે. વાઘેલા, નિવૃત્ત ઉપસચિવ
બી.એસ. પરમાર - નિવૃત્ત મામલતદાર
મહેન્દ્રસિંહ પોપટસિંહ વાઘેલા - એડવોકેટ
બળદેવસિંહ આર. વાઘેલા - રેન્જ ફોરેસ્ટ ઓફિસર
કનકસિંહ જી. ચાવડા - નિવૃત્ત ઉપસચિવ
જગદીશસિંહ પી. રાઓલ - પોલીસ ઈન્સ્પેક્ટર
મહેન્દ્ર આર. સોની - ઉપસચિવ ઉદ્યોગ અને ખાણ વિભાગ
અરજણભાઈ આર. ગમારા - નિવૃત્ત સેક્શન અધિકારી
ખુમાનસિંહ વી. પરમાર - નાયબ કાર્યપાલક ઈજનેર
નરવીરસિંહ જે. વાઘેલા - સેક્શન અધિકારી
રણજીતસિંહ બી. ગોહિલ - નિવૃત્ત સેક્શન અધિકારી
દશરથસિંહ કે. જાડેજા, નાયબ સેક્શન અધિકારી
સહદેવસિંહ એચ. સોલંકી - બિલ્ડર
ડો. અરવિંદસિંહ જે. વાઘેલા
દિલીપસિંહ કે. ઝાલા - મેડીકલ રીપ્રેઝન્ટેટીવ
ગોવિંદસિંહ આર. ઝાલા - નિવૃત્ત સીની. કારકુન (શિહોર, વિરમગામ)
જયોત્સનાબા પ્રતાપસિંહજી જાડેજા
કિરીટસિંહ પોપટસિંહ વાઘેલા

સ્વ. ભાવસિંહજી ડોસાજી વાઘેલા પરિવાર
(મુ. ઉખલોડ, તા. વિરમગામ)

તાત્કાલિક જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર
ગુજરાતી, અંગ્રેજી ટાઈપીંગ જાણકાર તથા પેજમેકર ફોટોશોપના જાણકાર કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે.
સંપર્ક : ૯૪૨૭૬ ૧૬૬૦૧

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ



શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ
● ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
● અદ્યતન કીચન તથા વોશ એરીયા
● બાળકો માટે પ્લે એરીયા
● વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...
વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫
ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર